ક્ર.નં. મા-૨/૨૦૨૬/૬૩૬૬ તા. $\frac{૦૯}{૨૦}$/૦૪/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
ખાનગી/અનુદાનીત અને સરકારી પ્રાથમિક શાળાઓ, તમામ

આ સાથે સામેલ પરિપત્રની આપની કક્ષાએથી યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિલ્લો, સુરત

બિડાણ : ઉક્ત પરિપત્રની નકલ

(40)

सत्यमेव जयते

GCERT/C&E-2/2025-26/27617-741
Vidhyabhavan-Sector-12
Gandhinagar
Director: (Phone) 079 232 56808
Secretary: 079 23256813
e-mail: gcert12@gmail.com
e-mail: cmde02@gmail.com
Web : : www.gcert.gujarat.gov.in
Date: / /2026

**07 APR 2026**

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

ગુજરાત રાજ્ય.

વિષય- બાલવાટિકા, ધોરણ 1 અને 2 માં હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ-ફાઉન્ડેશનલ સ્ટેજ (HPC - FS)ની શાળા કક્ષાએ અમલવારી કરવા બાબત

સંદર્ભ- તા. 7/4/26ની શાખાનોંધ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અનુસંધાને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી બાલવાટિકા અને ધોરણ-૧ અને ૨માં હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ - ફાઉન્ડેશનલ સ્ટેજ (HPC -FS)નો અમલ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અનુસંધાને સમગ્ર શિક્ષા મારફત તમામ શાળાને બાળક દીઠ હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ પહોંચાડવામાં આવેલ છે તેમજ જીસીઇઆરટી દ્વારા તા. ૨૪/૦૧/૨૦૨૬ના રોજ ઓન-એર તાલીમ આપવામાં આવેલ છે. આમ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ - ફાઉન્ડેશનલ સ્ટેજ (HPC -FS) અમલમાં આવેલ છે. આ અનુસંધાને તેનો સુચારુરૂપે અમલ શાળામાં થાય અને તેની જાણકારી વાલીઓને આપવાની થાય છે. આ સાથે, તમામ બાળકો માટેનાં હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ - ફાઉન્ડેશનલ સ્ટેજ (HPC -FS) શાળા કક્ષાએ સાચવવાનાં રહેશે.

આ ઉપરાંત, જણાવવાનું કે વર્ષ ૨૦૨૫-૨૬ થી બાલવાટીકા અને ધોરણ ૧ અને ૨માં વિદ્યાર્થીનું પ્રગતિપત્રક (D1 અને D3) તેમજ તેના એકંદર પરિણામ પત્રકો (D2 અને D4) તૈયાર કરવાના રહેતાં નથી. હવેથી, ઉપરોક્ત સુચના અનુસાર હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ - ફાઉન્ડેશનલ સ્ટેજની અમલવારી કરવાની થાય છે. ઉક્ત બાબતે આપના તાબા હેઠળની તમામ કચેરી/ શાળાઓને જાણ કરવાની રહેશે. આસાથે, હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ - ફાઉન્ડેશનલ સ્ટેજના સુચારૂ અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(પી. કે. ત્રિવેદી)
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
ગાંધીનગર

(પી. કે. ત્રિવેદી)
નિયામકશ્રી,
જીસીઇઆરટી,
ગાંધીનગર

નકલ રવાના - (સવિનય જાણ સારું)

- માન. અગ્રસચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.